| | |
|---|---|
| RECEIVED ON | 29-06-2026 |
| REGISTERED ON | 29-06-2026 |
| DECIDED ON | 09-07-2026 |
| DURATION | |
| YEAR:00 | MONTH:00 DAYS:10 |

सत्यमेव जयते

## ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગાંધીનગર

### ફોજદારી પરચુરણ અરજી નં. ૯૯૫/૨૦૨૬

**Ex - 9**

**૧. પવન મેરાજી લક્ષ્મણજી વણઝારા,**
ઉ.વ.આ.૨૨, ધંધો–મજુરી,
**૨. સંજય રાજુભાઈ વણઝારા,**
ઉ.વ.આ.૩૨, ધંધો–મજુરી,
**૩. વિષ્ણુજી આશાજી વણઝારા,**
ઉ.વ.આ.૩૧, ધંધો–મજુરી,
**૪. પંછીજી લક્ષ્મણજી રામાજી વણઝારા,**
ઉ.વ.આ.૪૭, ધંધો–મજુરી,
તમામ રહે. મહાકાળી નગર, વણઝારા વાસ,
વેલજીભાઈનો કુવો, મોટેરા નજીક,
મોટેરા બગીચો, મોટેરા સાબરમતી રોડ,
ચાંદખેડા, અમદાવાદ. ........ **અરજદાર**

**V/s.**

**ગુજરાત રાજ્ય સરકાર**
**પબ્લિક પ્રોસીક્યુટરશ્રી મારફતે**
**ગાંધીનગર.** **........ સામાવાળા**

**ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ:**

અરજદાર તર્ફે વિ.વકીલશ્રી. પી.એમ.મહેતા,

રાજ્ય સરકાર તર્ફે શ્રી. એચ.એન.રાવલ,

ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૪૦૭૭૫/૨૦૨૪,
બી.એન.એસ.–૨૦૨૩ ની કલમ–૧૦૩(૨),૧૦૯(૧),૧૧૮(૧), ૧૧૮(૨), ૧૮૯ (૪),
૧૯૦, ૧૯૧(૩), ૩૫૧(૩), ૨૯૬(બી), ૩૨૪(૬), ૧૨૬(૨),૩(૫),૬૧(૨)(ક),૬૧
(૨)(ખ) તથા જી.પી.એક્ટ–૧૩૫

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

## –:: જજમેન્ટ ::–

**૧.૧** અરજદાર/આરોપીઓએ તેઓની સામે ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૪૦૭૭૫/૨૦૨૪, બી.એન.એસ.–૨૦૨૩ ની કલમ–૧૦૩(૨),૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૮(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૩), ૩૫૧(૩), ૨૯૬(બી), ૩૨૪(૬), ૧૨૬(૨),૩(૫),૬૧(૨)(ક),૬૧(૨)(ખ) તથા જી.પી.એકટ–૧૩૫ (૧) મુજબનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જમીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.૧** અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે, આ કામના અરજદાર/આરોપીઓ તા.૧૬/૧૧/૨૦૨૪ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. તપાસ કરનાર અમલદારે તપાસ પુર્ણ કરી ચાર્જશીટ રજૂ કરેલ છે. જે ક્રિ.કે.નં.૪૮૦/૨૦૨૫ થી પેન્ડીંગ છે. આ સંજોગોમાં સમગ્ર તપાસની કાર્યવાહી પુર્ણ થઈ ગયેલ છે. ચાર્જશીટને ઘણો સમય વિતી ગયેલ હોવા છતાં ટ્રાયલ નોંધપાત્ર રીતે આગળ વધેલ નથી. ૭૨ સાક્ષીઓ પૈકી ફકત ૨૨ થી ૨૪ સાક્ષીઓને તપાસેલ છે. બાકીના સાક્ષીઓની તપાસ બાકી છે. જેમાં સમય જાય તેમ છે.

**૨.૨** વિશેષમાં જણાવેલ છે કે, સમગ્ર ફરીયાદની હકીકત ધ્યાને લેતાં ખોટી રીતે તેઓને આરોપી તરીકે દર્શાવેલ છે. ફરીયાદીના દીકરા સાથે ઝઘડો થતાં સમાધાન માટે જતાં હોવાની હકીકત ફરીયાદીએ ખોટી ઉભી કરેલ છે. આ પ્રકાર નો કોઈ બનાવ બનેલ નથી. ફરીયાદી તેમજ તેમના અન્ય સગા–સંબંધીઓ ભેગા મળી અરજદારોના સંબંધી સોમાજી કાનાજી વણઝારાને માર મારેલ હતો. જેની ફરીયાદ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં તા.૧૦/૦૯/૨૦૨૪ ના રોજ દાખલ કરેલ હતી. જેની અદાવત રાખી ફરીયાદી તથા તેની સાથે આશરે ૧૧ વ્યકિતઓ પ્રિ–પ્લાન કરી મારવા માટે આવેલ હતા. જે ખરી હકીકત ફરીયાદપક્ષે જાહેર કરેલ નથી. જે ધ્યાને લેતાં પણ તેઓ નિર્દોષ છે.

**૨.3** વિશેષમાં જણાવેલ છે કે, રજૂ થયેલ સમગ્ર ચાર્જશીટ પેપર્સમાં જે નિવેદનો રજૂ થયેલા

છે, તે ધ્યાને લેતાં પણ બનાવ સમયે તેઓએ કોઈ પણ પ્રકારનું કૃત્ય કરેલ હોય તેમ પ્રથમદર્શનીય રીતે માની શકાય તેમ નથી.કેસની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે.આ સંજોગોમાં ચાર્જશીટ બાદની આ ફરીવાર રેગ્યુલર જામીન અરજી કરેલ હોય જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**૨.૪** વિશેષમાં જણાવેલ છે કે, આજ ગુનાના અન્ય સહ આરોપી નં. ૫,૭ નાઓને ક્રિ.પ.અ. નં.૯૮૫૯/૨૦૨૫ તથા આરોપી નં.૧૩ નાઓને ક્રિ.પ.અ.નં.૭૩૮૨/૨૦૨૬, આરોપી નં.૧૪ નાઓને ક્રિ.પ.અ.નં.૧૪૫૨૪/૨૦૨૬ નાઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન ઉપર મુકત કરવાનો આદેશ કરેલો છે. જેથી લો ઓફ પેરીટીના સિધ્ધાંત મુજબ અરજદારને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**૩.૧** વિ.સરકારી વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદારો તેમજ અન્ય આરોપીઓ અગાઉના ઝઘડાની આવત રાખી પુર્વ આયોજીત કાવત્રુ રચી એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી એકબીજાને મદદગારી કરી આ બનાવને અંજામ આપેલ છે.

**૩.૨** વિશેષમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીઓએ મરણ જનાર તથા ફરીયાદી તથા સાહેદને સમાધાન કરવા માટે બોલાવીને જાનથી મારી નાંખવાના ઈરાદે તેમની પાસેના હથિયારોથી હુમલો કરેલ છે. સદર બનાવમાં સરદારજી ગોપાજી વણઝારા નાઓનું મરણ થયેલ છે. ફરીયાદી તથા બીજા સાહેદોને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ છે. અરજદાર/આરોપી ઓ સાથે અન્ય સહ આરોપીઓની પણ સદર ગુનામાં સક્રિય સંડોવણી છે. ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે.

- જેમાં આ કામના અરજદાર નં.૧ પવનજીએ પોતાની પાસેથી તલવારથી ફરીયાદીના પગના ભાગે એક ઘા મારેલ છે. જે તલવાર સદર અરજદાર પાસેથી કબજે કરવામાં આવેલ છે.
- અરજદાર નં.૨ સંજયે સાહેદ નં.૩૪ જગદીશ કાળુજી વણઝારાને તેમના કબજાની વેન્યુ ગાડીથી જાનથી મારી નાંખવાના ઈરાદે પાછળથી પગના ભાગે ટકકર મારી નીચે પાડી ઘસડી રોડની પાળી તેમના માથાના ભાગે વગાડી લોહી નીકાળેલ છે. ફરીયાદીને પણ સદર ગાડીથી જાનથી

મારી નાંખવાના ઈરાદે પગના ભાગે ટકકર મારી નીચે પાડી દીધેલ છે. સદર ગાડી અરજદાર પાસેથી કબજે કરવામાં આવેલ છે.

- ➢ અરજદાર નં. ૩ વિષ્ણુએ સાહેદ નં.૨૬ કાળુજી તેજાજી વણઝારાને પોતાના કબજાના લાકડાના ધોકાથી શરીર ઉપર બે-ત્રણ ફટકા મારી, ફરીયાદી, સાહેદોને ગાડીઓને લાકડાના ધોકકાથી નુકશાન કરેલ છે. જે ધોકો સદર અરજદાર પાસેથી કબજે કરવામાં આવેલ છે.
- ➢ આ કામના અરજદાર નં.૪ પંછીજીએ તેમની પાસેની લાકડીથી ફરીયાદી તથા સાહેદ નં.૩૪ જગદીશ કાળુજી તથા સાહેદ નં. ૨૭ કાળુજી ભાવાજી વણઝારાને લાકડીથી માર મારેલ છે. ફરીયાદીને પગના ભાગે એક ફટકો મારેલ છે. ફરીયાદી, સાહેદોની ગાડીઓને લાકડીઓથી નુકશાન કરેલ છે. જે લાકડી સદર અરજદાર પાસેથી કબજે કરવામાં આવેલ છે.
- ➢ તમામ અરજદારોએ ફરીયાદી સાહેદોને ગંદી ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ છે.

**3.3** વિશેષમાં જણાવેલ છે કે, આ કામના અરજદારો તથા ફરીયાદીના સોશિયલ મીડીયામાં બનાવની વીડીયો કલીપ વાયરલ થયેલ છે જેમાં બનાવ સ્થળના સીસી ટીવી ફુટેજમાં બનાવને અંજામ આપતા આ કામના અરજદાર/આરોપીઓ જણાઈ આવે છે. આ સંજોગોમાં હાલના અરજદારો આ ગુન્હામાં સંડોવાયેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય છે.

**3.૪** વિશેષમાં જણાવેલ છે કે, તપાસ દરમ્યાન (૧) ફરીયાદી સરદારજી ભાવાજી વણઝારા તથા (૨૬) કાળુજી તેજાજી વણઝારા, (૩૪) જગદીશ ઉર્ફે જગાજી કાળુજી રામાજી વણઝારા, (૨૭) કાળુજી ભાવાજી વિશાજી વણઝારા, (૨૯) માંગીજી પોકરજી જીતાજી વણ્ઝારા, (૨૮) રાજુભાઈ ઉર્ફે રાજુજી સ/ઓ નારાજી વણઝારા, (૩૦) નરસિંહભાઈ ગોપાજી વણઝારા નાઓના બી.એન.એસ.એસ. કલમ-૧૮૩ મુજબના નિવેદન ધ્યાને લેતાં પણ આ કામના અરજદાર/આરોપીઓની બનાવ સમયે હાજરી જણાય છે તેમજ અરજદાર/આરોપીઓના હાથમાં લાકડી, ધોકા, તલવાર તેમજ અન્ય જીવલેણ હથીયારો હતા તે હકીકત પણ ફલીત થાય છે. જેથી પણ ફરીયાદીની ફરીયાદને સમર્થન પ્રાપ્ત થાય છે.

**૩.૫** વિશેષમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીઓની સેસન્સ અદાલત તેમજ ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રેગ્યુલર જામીન અરજીઓ નામંજુર કરવાનો આદેશ કરેલ છે. હાલની આ જામીન અરજી ચાર્જશીટ બાદ બીજી વખત રજુ કરેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, કેસની ટ્રાયલ હાલમાં ચાલુ છે. અરજદાર, ફરીયાદી તેમજ સાહેદો એક જ જ્ઞાતિના છે. આ સંજોગોમાં આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા છે. અરજદાર/આરોપીઓ માથાભારે અને ઝનુની સ્વભાવના હોય ફરીથી આવા ગુનાોઓ કરેલ તેવી શકયતા છે. જેથી હાલની આ જામીન અરજી ના-મંજૂર કરવા અરજ કરેલ છે.

**૪.** બંને પક્ષકારોની રજૂઆતો અને હકીકતો ધ્યાને લેતા નીચે મુજબની હકીકતો જણાય છે.

- આ કામના અરજદાર/આરોપીઓ સામે ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૧૯૧ ૦૦૮૨૪૦૭૭૫/૨૦૨૪, બી.એન.એસ.-૨૦૨૩ ની કલમ-૧૦૩(૨),૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૮(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૩), ૩૫૧(૩),૨૯૬(બી),૩૨૪ (૬),૧૨૬(૨),૩(૫),૬૧(૨)(ક),૬૧(૨)(ખ) તથા જી.પી.એકટ-૧૩૫(૧) મુજબના ગુન્હાનો આક્ષેપ છે.
- આ કામે ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના તમામ આરોપીઓએ એક સંપ થઈ તેમની પાસેના હથીયારો જેવા કે લાકડી-ધોકા તથા તલવાર જેવા તિક્ષ્ણ હથીયારથી ફરીયાદી તથા મરણ જનાર સરદારજી ગોપાલજી વણઝારા તથા સાહેદોને જાનથી મારી નાંખવાના ઈરાદે માથાના ભાગે તથા શરીરે વત્તા ઓછી ઈજાઓ કરી લોહી કાઢી, જાનથી મારી નાંખવાની ધમકી આપી ગંદી ગાળો બોલી આ તમામ આરોપીઓના હુમલાથી સરદારજી ગોપાલજી વણઝારાનું મરણ ગયેલાના આક્ષેપ છે.
- આ કામે રજૂ થયેલ ચાર્જશીટના પેપર્સ ધ્યાને લેતાં તા.૧૩/૧૧/૨૦૨૪ ના રોજ

સવારના અગિયારેક વાગ્યાની આસપાસ મોટેરા સ્ટેડીયમ રોડ સહજાનંદ કોમ્પ્લેક્ષ ની સામે અમદાવાદ ખાતે બનાવ બનેલ હોય તેમ જણાય છે. જેમાં હાલના અરજદારો તેમજ અન્ય આરોપીઓએ ભેગા મળીને ગાડી લઈ આવી, ફરીયાદીની ગાડીને ઓવર ટેક કરી ઉભી રખાવી, આરોપીઓએ લાકડી, ધોકા અને તલવાર લઈ આવી એકસંપ થઈ ફરીયાદી, સાહેદોને તેના વડે મારી નાંખવાના ઈરાદે જાન લેવા હુમલો કરી, ગંભીર ઈજાઓ પહોંચાડેલ છે. ફરીયાદી તેમજ સાહેદો સરદારજી ગોપાલજી વણઝારા, કાળુજી તેજાજી, કાળુજી ભવાનજી વણઝારાને ગંભીર પ્રકાર ની ઈજાઓ પહોંચાડેલ છે. જેમાં સરદારજી ગોપાલજીનું મોત નીપજેલ છે. તેમજ ફરીયાદી, સાહેદોની ગાડીઓને લાકડીઓ અને ધોકાથી હુમલો કરી નુકશાન પહોં ચાડેલ છે. આ હકીકત તપાસ દરમ્યાન સાહેદો (૧) ફરીયાદી સરદારજી ભાવાજી વણઝારા, (૨) કાળુજી તેજાજી વણઝારા, (૩) જગદીશ ઉર્ફે જગાજી કાળુજી રામાજી વણઝારા, (૩) કાળુજી ભાવાજી વિશાજી વણઝારા, (૫) માંગીજી પોકરજી જીતાજી વજ્ઞઝારા, (૫) રાજુભાઈ ઉર્ફે રાજુજી સ/ઓ નારાજી વણઝારા, (૬) નરસિંહભાઈ ગોપાજી વણઝારા ના નિવેદનો જોતાં પણ ફલીત થાય છે. વિશેષમાં આ હકીકતનો સમર્થન તપાસ દરમ્યાન ત.ક.અ.શ્રીએ કબજે કરેલ સીસીટીવી ફુટેજ તેમજ પી.એમ. રીપોર્ટ ઘ્યાને લેતાં પણ પ્રાપ્ત થાય છે. વિશેષમાં, હાલના અરજદારનો રોલ અન્ય આરોપીઓ કરતા ગંભીર પ્રકારનો હોવાનું પણ જણાઈ આવે છે. આ સંજોગોમાં હાલના અરજદારો આ ગુન્હામાં સંડોવાયેલ હોય તેમ પ્રથમદર્શનીય રીતે જણાય છે.

- આ કામે રજૂ થયેલ પેપર્સ ઘ્યાને લેતાં અને ગુન્હાની ગંભીરતા લક્ષમાં લેતાં અરજદાર અને ફરીયાદી અને સાહેદો એક જ વિસ્તારમાં રહેતા હોય, એક જ સમાજના હોય આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી. તેમજ નામ.સુપ્રિમ કોર્ટના **AIR 2017 S.C. 5398, ANIL KUMAR YADAV V/S STATE OF (NCT) DELHI** ના

ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય અને ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા જણાતી હોય તેવા સંજોગોમાં જામીન મંજૂર કરી ન શકાય.

➢ આ કામના અરજદાર/આરોપીઓની સેસન્સ અદાલત સમક્ષની રેગ્યુલર જામીન અરજીઓ નામંજુર કરવાનો આદેશ કરેલ છે. જયારે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની જામીન અરજી નામંજુર કરેલ છે. ચાર્જશીટ બાદ બીજી વખતની હાલની જામીન અરજી રજુ કરેલ છે. પરંતુ માત્ર ચાર્જશીટ થયા બાદના સંજોગો બદલાયેલા હોવાનું જણાઈ આવતું નથી. જે અંગે **નામદાર સર્વોચ્ચ અદાલત ૨૦૧૮ ક્રિમી.લો.જર્નલ ૨૭૬૩ વિરુપક્ષા ગૌડા અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાકટા અને બીજાઓના** ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ચાર્જશીટ રજુ થવાથી બદલાયેલા સંજોગોમાં કોઈ ફેરફાર થયેલો ગણી શકાય નહી. આ સિધ્ધાંત ધ્યાને લેતાં અરજદારની સેસન્સ અદાલત તથા નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષની અગાઉની રેગ્યુલર જામીન અરજી પણ નામંજુર થયેલી હોય તેવા સંજોગોમાં પણ હાલની અરજી મંજુર કરવી યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

**૬.** ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ કામના અરજદાર/ આરોપીઓ સામે ગંભીર પ્રકારના ગુન્હાના આક્ષેપ છે. અરજદાર/આરોપીઓ તથા અન્ય સહ આરોપીઓ સાથે પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, ફરીયાદી, સાહેદો ઉપર જીવલેણ હુમલો કરી, સરદારજી ગોપાજીને મોતને ઘાટ ઉતારી, અન્ય સાહેદોને ઘાતક હુમલો કરી, ગંભીર પ્રકારની શારીરીક ઈજાઓ કરેલાનો ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આ સંજોગોમાં આ તબકકે અરજદાર/આરોપીઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

(૧) અરજદાર/આરોપીઓ **(૧) પવન મેરાજી લક્ષ્મણજી વણઝારા, (૨) સંજય રાજુભાઈ વણઝારા, (૩) વિષ્ણુજી આશાજી વણઝારા, (૪) પંછીજી લક્ષ્મણજી રામાજી વણઝારા** નાઓની ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૧૯૧૦૦૮૨૪૦ ૭૭૫/ ૨૦૨૪, બી.એન.એસ.-૨૦૨૩ ની કલમ-૧૦૩(૨),૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૮

(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૩), ૩૫૧(૩),૨૯૬(બી),૩૨૪ (૬),૧૨૬ (૨),૩(૫),૬૧(૨)(ક),૬૧(૨)(ખ) તથા જી.પી.એક્ટ–૧૩૫(૧) મુજબનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી ''**નામંજુર**'' કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–**૦૯**મી માહે **જુલાઈ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ : ૦૯–૦૭–૨૦૨૬.**
સ્થળ : ગાંધીનગર.

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
ત્રીજા અધિક સેસન્સ જજ,
ગાંધીનગર.

/PSP/